(1) નીચેના પૈકી કયું OER નથી ?

(A) BISAG - N
(B) GROWER
(C) NROER
(D) e-pathshala

(2) નીચે પૈકી કઈ બાબત ઇલર્નિંગની સંકલ્પનાને લાગુ પડતી નથી ?

(A) અધ્યયન - અધ્યાપનનું અધ્યતન ક્ષેત્ર છે.
(B) અધ્યયનનો એકમાત્ર વિકલ્પ છે.
(C) વર્ગશિક્ષણ રસપ્રદ બને છે.
(D) માહિતી ઓનલાઈન ઉપલબ્ધ છે.

(3) જેના તારણો સંબંધિત જૂથ સિવાય લાગુ પાડી શકાતા નથી તે કયા પ્રકારનું સંશોધન છે ?

(A) પ્રાયોગિક સંશોધન
(B) સર્વેક્ષણ
(C) મૂળગત સંશોધન
(D) ક્રિયાત્મક સંશોધન

(4) 'બાળક જ્ઞાનનો સર્જક છે, ઉપભોક્તા નહીં.' - આ વિધાન કયા વાદનો નિષ્કર્ષ છે ?

(A) વર્તનવાદ
(B) પ્રાકૃતિકવાદ
(C) વ્યવહારવાદ
(D) સંરચનાવાદ

(5) 'કેળવણી એ કુદરતી પ્રક્રિયા છે, કૃત્રિમ નહિ.' - આ સંકલ્પના કોણે આપી હતી ?

(A) એરિસ્ટોટલ
(B) રૂસો
(C) ફ્રોબેલ
(D) મોન્ટેસરી

(6) R, U, X, A, D, ? પ્રશ્નાર્થ ચિહ્નની જગ્યાએ સીરીઝ પૂરી કરવા શું આવશે ?

(A) F
(B) G
(C) H
(D) I

(7) 1, 3, 3, 6, 7, 9, 9, 12, 21, ? પ્રશ્નાર્થ ચિહ્નની જગ્યાએ સીરીઝ પૂરી કરવા શું આવશે ?

(A) 10
(B) 11
(C) 12
(D) 13

(8) 10, 100, 200, 310, ? પ્રશ્નાર્થ ચિહ્નની જગ્યાએ સીરીઝ પૂરી કરવા શું આવશે ?

(A) 400
(B) 410
(C) 420
(D) 430

(9) TEACHER ને કોડવર્ડમાં VGCEJGT તરીકે લખવામાં આવે તો CHILDREN ને કોડવર્ડમાં નીચેના પૈકી કયા શબ્દ દ્વારા લખવામાં આવશે ?

(A) EJKNEGTP
(B) EGKNFITP
(C) EJKNFGTO
(D) EJKNFTGP

(10) TWENTY ને કોડવર્ડમાં 863985 અને ELEVEN ને કોડવર્ડમાં 323039 તરીકે લખવામાં આવે તો TWELVE તે કોડવર્ડમાં નીચેની પૈકી કઈ સંખ્યા દ્વારા દર્શાવવામાં આવશે ?

(A) 863203
(B) 863584
(C) 863903
(D) 863063


(11) કોડ ભાષામાં '123' એટલે 'bright little boy' અને '145' એટલે 'tall big boy' તેમજ '637' એટલે 'beautiful little flower' તો શબ્દ 'bright' માટે કઈ સંખ્યા આવશે ?

(A) 1 (B) 2 (C) 3 (D) 4

(12) જો + એટલે x, x એટલે –, ÷ એટલે + અને – એટલે ÷ તરીકે ગણવામાં આવે તો 175 – 25 ÷ 5 + 20 x 3 + 10 નું પરિણામ નીચેની કઈ સંખ્યા આવશે.


(A) 77 (B) 160 (C) 240 (D) 2370

(13) આકૃતિમાં '?' ની જગ્યાએ યોગ્ય વિકલ્પ પસંદ કરો.




(A) 860 (B) 1140 (C) 2880 (D) 3240

(14) આપેલ આકૃતિમાં કેટલા ત્રિકોણ આવેલા છે ?



(A) 15 (B) 16 (C) 17 (D) 18

(15) 3:40 કલાકે મિનિટ કાંટા અને કલાક કાંટા વચ્ચેનો ખૂણો કેટલા અંશનો હશે ?

(A) 140 (B) 150 (C) 130 (D) 120

(16) અલગ પડતી જોડ શોધો ?

(A) દહીં - દુધ (B) ચંપલ - ચામડું (C) મગફળી - તેલ (D) ખાંડ - શેરડી

(17) આપેલ શબ્દને મુળાક્ષરોના ક્રમ પ્રમાણે ગોઠવો.

(1) INTERANAL (2) INSECT (3) INCOME (4) INTERN (5) INSIDE

(A) 3, 2, 5, 4, 1 (B) 3, 4, 5, 2, 1

(C) 4, 5, 1, 3, 2 (D) 3, 1, 2, 4, 5


(18) એક લિપ વર્ષનો પહેલો દિવસ રવિવાર છે. તો તે વર્ષમાં કેટલા રવિવાર હશે ?

(A) 50 (B) 51 (C) 52 (D) 53

(19) એક વ્યક્તિ તેની કાર પૂર્વ દિશામાં 50 કિ.મી ચલાવે છે. તે જમણી બાજુ વાળીને 30 કિ.મી. જાય છે. તે પછી પશ્ચિમ દિશામાં વળીને 10 કિ.મી. જાય છે. તો તે પ્રારંભથી કેટલા કિ.મી. દૂર છે ?

(A) 20 કિ.મી. (B) 50 કિ.મી. (C) 100 કિ.મી. (D) 60 કિ.મી.

(20) અલગ આકૃતિ શોધો ?




(A) A (B) B (C) C (D) D

(21) ................. અગ્નિનો સમાનાર્થી છે.

(A) અનલ (B) અનિલ (C) અનંગ (D) તપસ

(22) નીચેનામાંથી ................ કર્મધારેય સમાસનું ઉદાહરણ છે.

(A) તકસાધુ (B) કલ્પવૃક્ષ (C) પંચામૃત (D) પરમેશ્વર

(23) તમારાથી વડીલો સામે ઊંચા અવાજે ન બોલાય. - વાક્યનો પ્રકાર ઓળખો.

(A) કર્તરિ (B) કર્મણિ (C) ભાવે (D) પ્રેરક

(24) સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી, ચણાયેલ ઈમારત એના નકશામાં નથી હોતી. આ કાવ્યનો પ્રકાર જણાવો.

(A) દુહા (B) મુક્તક (C) હાઈકુ (D) સૉનેટ

(25) ખોટી જોડણી કઈ છે ?

(A) સુદૃઢ (B) દીકરી (C) અકસ્માત્ (D) કનિષ્ટ

(26) ભારતીય બંધારણમાં આપેલ મૂળભૂત ફરજોમાં માતા-પિતાએ અથવા વાલીએ, છ વર્ષથી ચૌદ વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા યથાપ્રસંગ, પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની જોગવાઈ સંવિધાનના છ્યાંસીમાં સુધારાથી કઈ કલમમાં આ ખંડ ઉમેરવામાં આવેલ છે ?

(A) કલમ - 11 (B) કલમ - 2

(C) કલમ - છ્યાસી (86) (D) કલમ - 4

(27) મહાદેવભાઈ દેસાઈનું જીવનચરિત્ર "અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ"ના લેખક કોણ છે ?

(A) માણભટ્ટ (B) નારાયણ દેસાઈ

(C) જયશંકર દેસાઈ (D) મહાદેવ દેસાઈ

(28) "હરિનો મારગ છે શૂરાનો" પદ રચના કોની છે ?

(A) કવિ પ્રીતમદાસ (B) મણિશંકર રત્નજી ભટ્ટ

(C) દામોદર ખુશાલદાસ બોટાદકર (D) નરસિંહ મહેતા

(29) ભારતની સંઘીય કાર્યપ્રણાલીનો ઉલ્લેખ ભારતના સંવિધાનના કયા ભાગમાં કરવામાં આવેલ છે ?

(A) 6 (B) 4 (C) 5 (D) 2

(30) વર્લ્ડ બોકસિંગ ચેમ્પિયનશીપમાં 51 Kg. કેટેગરીમાં કયા ભારતીય દ્વારા બ્રોન્ઝ મેડલ જીતવામાં આવેલ છે ?

(A) સુખદેવ (B) નિશાંત દવે

(C) હુસામુદ્દીન (D) દિપક ભુરિયા

(31) હિંદની પ્રજાને સ્વાતંત્ર્ય ચળવળમાં સક્રિય કરવા માટે ગાંધીજીએ ભારતમાં સૌ પ્રથમ કયું અંગ્રેજી અખબાર શરૂ કર્યું ?

(A) યંગ ઈન્ડિયા (B) યૂથ ઈન્ડિયા

(C) વર્તમાન ભારત (D) ચળવળ

(32) હિમાલય પર્વતમાલા કયા (Age) સમયમાં બનેલું છે ?

(A) સતયુગ (B) આર્ચિયન યુગ

(C) જુરાસિક યુગ (D) ટર્શિયરી યુગ (Tertiary)

(33) કઈ વૈજ્ઞાનિક અસરને લીધે આકાશના તારા ટમટમતા દેખાય છે ?

(A) પ્રકાશનું પ્રકિર્ણન
(B) પ્રકાશનું વક્રિભવન
(C) પ્રકાશનું વિવર્તન
(D) પ્રકાશનું વિભાજન

(34) ભારતમાં સમગ્ર રાષ્ટ્રીય ઉત્પાદનમાં ઉદ્યોગોનો ફાળો કેટલા ટકા છે ?

(A) 25%
(B) 29%
(C) 32%
(D) 39%

(35) ભારતના બંધારણમાં નાગરિકની મૂળભૂત ફરજોનો સમાવેશ કયા ભાગમાં કરવામાં આવેલ છે?

(A) ભાગ - 3 (A)
(B) ભાગ - 5 (A)
(C) ભાગ - 4 (A)
(D) ભાગ - 6 (A)

(36) 'ભારતરત્ન' સન્માનિત પ્રથમ મહાપુરુષ કોણ હતા ?

(A) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ
(B) ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્
(C) મહાદેવભાઈ દેસાઈ
(D) લાલબહાદુર શાસ્ત્રી

(37) નીચે પૈકી કયા કાર્યક્રમમાં ઈન્ટરેક્ટીવ બોર્ડનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) પ્રજ્ઞા અભિગમ
(B) બાલ પ્રૉજેક્ટ
(C) વર્ચ્યુઅલ ક્લાસરૂમ
(D) જ્ઞાનકુંજ પ્રૉજેક્ટ

(38) માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આપવામાં આવતો યુનિક આઈ.ડી. (UID) નંબર કેટલા અંકનો હોય છે ?

(A) 14
(B) 16
(C) 18
(D) 19

(39) ભારતીય બંધારણમાં શિક્ષણ કઈ યાદીનો વિષય છે ?

(A) કેન્દ્ર યાદી
(B) રાજ્ય યાદી
(C) સંયુક્ત યાદી
(D) જિલ્લા યાદી

(40) ઈન્સ્યુલિન અંતઃસ્ત્રાવનું ઉત્પાદન શરીરના કયા અંગમાં થાય છે ?

(A) જઠર
(B) સ્વાદુપિંડ
(C) નાનું આંતરડું
(D) મગજ

(41) હૉકી વિશ્વકપ (પુરુષ) - 2023 કયા દેશમાં યોજાયો હતો ?

(A) ભારત
(B) જાપાન
(C) ફ્રાન્સ
(D) બ્રાઝિલ

(42) વિશ્વનું સૌથી મોટું ખનિજતેલ શુદ્ધિકરણ સંકુલ ક્યાં આવેલું છે ?

(A) જામનગર
(B) અંકલેશ્વર
(C) દિગ્બોઈ
(D) દહેરાદૂન

(43) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ 2023-24 માં રાજ્યની માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે મોકલવામાં આવેલ શૈક્ષણિક પ્રવૃત્તિ કેલેન્ડર મુજબ વેકેશન સહિત કેટલા દિવસની રજાઓ નક્કી કરવામાં આવેલ છે ?

(A) 79
(B) 80
(C) 81
(D) 82

(44) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 અંતર્ગત રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશની શાળાઓ ન્યૂનતમ વ્યાવસાયિક અને ગુણવત્તાપૂર્ણ માનાંકોનું પાલન કરે છે કે કેમ તે જાણવા જે સંસ્થાની ભલામણ કરેલ છે તે કંઈ સંસ્થા છે ?

(A) PARAKH
(B) SWAYAM
(C) DIKSHA
(D) SSSA

(45) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020માં કયા ધોરણ સુધી માતૃભાષામાં શિક્ષણ ઈચ્છનીય છે ?

(A) ધોરણ - 6
(B) ધોરણ - 8
(C) ધોરણ - 10
(D) ધોરણ - 5

(46) વેપાર અને ઉદ્યોગને લીધે અભ્યાસક્રમમાં ફેરફાર કરવામાં આવે છે તો કેળવણીના ધ્યેયો પર કયા પરિબળની અસર ગણી શકાય ?

(A) સાંસ્કૃતિક પરિબળ
(B) સામાજિક પરિબળ
(C) આર્થિક પરિબળ
(D) નૈતિક પરિબળ

(47) વ્યક્તિ શું કરે છે ? તેના કરતાં તેણે શું કરવું જોઈએ ? આ બાબતનો વિચાર કેળવણીના કયા ધ્યેય સાથે સંકળાયેલો છે ?

(A) નૈતિક ધ્યેય
(B) જ્ઞાન પ્રાપ્તિનું ધ્યેય
(C) પૂર્ણ જીવનનું ધ્યેય
(D) ફુરસદના સમયના સદ્ઉપયોગનું ધ્યેય

(48) ઉદ્દેશો, અભ્યાસક્રમ, સંસ્થાઓ અને સમયમર્યાદા બધુ જ નિશ્ચિત હોય ત્યારે તે કેળવણીનું કયું સ્વરૂપ ગણાય ?

(A) અનૌપચારિક
(B) ઔપચારિક
(C) અવૈધિક
(D) સંયુક્ત

(49) નીચેના પૈકી કયો કાર્યક્રમ અવૈધિક શિક્ષણને સીધો લાગુ પડતો નથી ?

(A) અક્ષરજ્ઞાન
(B) પરીક્ષા
(C) વ્યવસાયની તાલીમ
(D) વ્યસનમુક્તિ

(50) અધ્યયન પ્રક્રિયામાં સમાયેલી ત્રણ બાબતોમાં કઈ બાબત સમાવિષ્ટ નથી ?

(A) પ્રારંભ (B) પરિણામ (C) પ્રક્રિયા (D) મૂલ્યાંકન

(51) 'નીરવ' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શું થાય ?

(A) સૂમસામ (B) ધવલ (C) પીડા (D) કોલાહલ

(52) સમાનાર્થી શબ્દોની ખોટી જોડ હોય તે વિકલ્પ કયો છે ?

(A) ખોભણ - ગુફા (B) અનરવો - હિંમતવાન (C) અડવડિયું - લથડિયું (D) આર્દ્રતા - મૃદુતા

(53) 'ઘોડાના સવારને બેસવા માટે ઘોડાની પીઠ પર રાખવાનું રૂ કે ઊનનું આસન' - શબ્દસમૂહ માટેનો એક શબ્દ કયો છે?

(A) દળી (B) ટેકણિયું (C) પીઠિકા (D) માંચડો

(54) વિરામચિહ્નોનો ઉચિત પ્રયોગ ન થયો હોય તેવું વાક્ય કયું છે ?

(A) હાશ ! હવે નિરાંત થઈ !

(B) પ્રશ્નપત્ર જોઈ વિદ્યાર્થીઓ મૂંઝાયા, એમને કાંઈ સૂઝ પડી નહીં, ઉત્તરપત્રો મૂકી દઈને ચલતી પકડી.

(C) મેં જાણ્યું : મારાં લખાણો એને ગમતાં નથી.

(D) .....તો મારો દુશ્મન છે.

(55) શબ્દ અને તેના અનેકાર્થી શબ્દોની ખોટી જોડ હોય તેવો વિકલ્પ કયો છે ?

(A) ગુણ - પણછ, દોરડું
(B) કૂટ - ઠગાઈ, શિખર
(C) કાંત - મન, અંતઃકરણ
(D) કર - કિરણ, સૂંઢ

(56) આપેલ વાક્યોમાં રેખાંકિત કરેલ શબ્દનો ઉચિત પ્રયોગ થયો હોય તેવું વાક્ય કયું છે ?

(A) મેં આ પત્ર કે ઠરાવ <u>વાંચ્યા</u> નથી.
(B) કામ <u>વેળાસર</u> થાય તે જ અગત્યનું છે.
(C) સાંજે છ <u>વાગે</u> જાહેર ગ્રંથાલય બંધ થાય છે.
(D) દરેકે આવકમાંથી <u>યથાશક્તિ પ્રમાણે</u> દાન કરવું જોઈએ.

(57) 'દેવ્યૈશ્વર્ય' શબ્દનો સંધિવિગ્રહ શું થાય ?

(A) દેવ + ઐશ્વર્ય
(B) દેવે + એશ્વર્ય
(C) દેવ્ય + ઐશ્વર્ય
(D) દેવી + ઐશ્વર્ય

(58) આપેલાં વાક્યોમાં 'કર્મણિ વાક્ય' કયું છે ?

(A) એ સમયમાં લોકો જુગાર રમતા.
(B) એણે પચાસ માણસોને જમાડ્યા.
(C) સરકાર તરફથી આ મહિને અનાજ અપાયું છે.
(D) અશોક કંઈ બોલ્યો ન હોત.

(59) 'છત્રી પર નામ-સરનામું લખવાનો ઉપાય <u>ખરેખર</u> કારગત નીવડ્યો.' - વાક્યમાં રેખાંકિત કરેલ શબ્દ 'ખરેખર' ક્રિયાવિશેષણનો કયો પ્રકાર છે ?

(A) અભિગમવાચી ક્રિયાવિશેષણ
(B) સમયવાચક ક્રિયાવિશેષણ
(C) રીતિવાચક ક્રિયાવિશેષણ
(D) સ્થાનવાચક ક્રિયાવિશેષણ

(60) 'મારો હંસલો નાનો ને દેવળ જૂનું રે થયું.' - અલંકાર ઓળખાવો.

(A) વ્યતિરેક અલંકાર
(B) અતિશયોક્તિ અલંકાર
(C) રૂપક અલંકાર
(D) ઉપમા અલંકાર

(61) Mahesh was too smart. (Remove 'too' without changing the meaning.)

(A) Mahesh was not smart at all.
(B) Mahesh was smart more than required.
(C) Mahesh was foolish.
(D) I was doubtful whether Mahesh was smart or not.

(62) .................... INS Arihant is .................... Indian Naval ship. (Fill in the blanks)

(A) The & an
(B) An & an
(C) A & an
(D) The & the

(63) Most students have brought their homework. .................... of them have not completed it yet.

(A) None
(B) Few
(C) Each
(D) A little

(64) મેં મારા વાળ કપાવ્યા. - આ વાક્યનું ચોક્કસ અંગ્રેજી ભાષાંતર શું થશે ?

(A) I cut my hair.
(B) I clipped my hair.
(C) I got my hair cut.
(D) I had a nice hair cut.

(65) Give the nearest meaning of word : **'Phantom'.**

(A) existent
(B) imaginary
(C) corporeal
(D) tangible

(66) Give the verb form of **'little'.**

(A) alittle
(B) unlittle
(C) belittle
(D) bilittle

(67) Change the voice : "What caused COVID-19 ?"

(A) What was COVID-19 caused by ?
(B) What was caused by COVID-19 ?
(C) By what is COVID-19 caused ?
(D) By what COVID-19 was caused ?

(68) Select the word or phrase which is closest to the opposite in meaning of the underlined word : "Rahul will never **accept** your request."

(A) turn over
(B) turn down
(C) turn up
(D) reject

(69) Add a suitable question tag : Radha, one of my neighbours slipped off a staircase. ............. ?

(A) did she
(B) does she
(C) doesn't she
(D) didn't she

(70) Fill in the blanks with appropriate set of prepositions : Nidhi travelled ............... her mother all ............... the world when she was 17 years old.

(A) by, above
(B) for, around
(C) with, around
(D) with, over

(71) Turn this sentence into English : "હજુ પણ હું તેને ત્યાં એકલી ઊભેલી જોઈ શકતો હતો."

(A) I could still saw her standing there alone.
(B) I could still see her stood there alone.
(C) I could still see her standing there alone.
(D) I can still see her standing there alone.

(72) Fill in the blanks with the appropriate word / words : Rohan and Nayan have been on vacation ..................... May 2023. They ..................... to Manali for a week.

(A) for, had gone
(B) since, had gone
(C) for, have gone
(D) since, have gone

(73) Mantra got the first prize last week. Find out the correct option to get the underlined answer.

(A) Which prize did Mantra get last week ?

(B) When did Mantra get the first prize ?

(C) Which prize Mantra got last week ?

(D) Where did Mantra get the first prize ?

(74) Ravi ...................... in this company for five years. Find out correct form of verb from the options.

(A) works
(B) is working
(C) has been working
(D) have worked

(75) Find out the correct spelling from the options.

(A) Spactacular
(B) Spectacular
(C) Spactaculor
(D) Specteculor

(76) કેટલાક બાળકો અંતર્મુખી તો કેટલાક બાળકો બહિર્મુખી, કેટલાક બાળકો વાચાળ તો કેટલાક બાળકો શરમાળ હોય છે. તેમનામાં રહેલી આ ભિન્નતા એ કયા પ્રકારની ભિન્નતા છે ?

(A) શારીરિક ભિન્નતા
(B) વ્યક્તિત્વમાં ભિન્નતા
(C) રસ-રૂચિમાં ભિન્નતા
(D) સામાજિક ભિન્નતા

(77) જુદા જુદા બુદ્ધિ માનાંકોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?

(A) I.Q. (બુદ્ધિમાનાંક)
(B) S.Q. (આધ્યાત્મિક બુદ્ધિમાનાંક)
(C) R.Q. (ધાર્મિક બુદ્ધિમાનાંક)
(D) E.Q. (સાંવેગિક બુદ્ધિમાનાંક)

(78) નીચેના પૈકી કોણે વ્યવસાયિક અભિરુચિ સંશોધનિકાની રચના કરી હતી ?

(A) મેકડૂગલ
(B) સ્ટ્રોંગ
(C) મોર્ગન
(D) ગેરેટ

(79) વ્યક્તિમાં રહેલી કલા, સંગીત, સર્જનાત્મકતા જેવી શક્તિઓના માપન માટે કઈ કસોટી વપરાય છે ?

(A) વલણ માપદંડ
(B) અભિરુચિ કસોટી
(C) રસ સંશોધનિકા
(D) અભિયોગ્યતા કસોટી

(80) વર્ગખંડમાં થતી ત્રણ પ્રકારની આંતરક્રિયામાં શેનો સમાવેશ થતો નથી ?

(A) શિક્ષક - વિદ્યાર્થી વ્યવહાર
(B) વિદ્યાર્થી - સામગ્રી વ્યવહાર
(C) શિક્ષક - સામગ્રી વ્યવહાર
(D) વિદ્યાર્થી - વિદ્યાર્થી વ્યવહાર

(81) સામાન્યરીતે ઉપયોગમાં લેવાના મધ્યવર્તિ સ્થિતિના ત્રણ આંકડાશાસ્ત્રીય માપમાં નીચે પૈકી કયું સમાવિષ્ટ નથી ?

(A) મધ્યક
(B) મધ્યસ્થ
(C) બહુલક
(D) મધ્યાબિંદુ

(82) મૂલ્યાંકન માટેની ત્રણ કસોટીઓમાં કયું જુદુ પડે છે ?

(A) લેખિત
(B) મૌખિક
(C) પ્રાયોગિક
(D) ક્રિયાત્મક

(83) વિસ્તરણ પત્રક (Spread Sheet) નીચેના પૈકી શેની સાથે સંકળાયેલી છે ?

(A) માઇક્રોસોફ્ટ એક્સલ
(B) માઇક્રોસોફ્ટ પાવર પોઇન્ટ
(C) માઇક્રોસોફ્ટ વર્ડ
(D) એક્સેસ

(84) 'ઘડતર અને ચણતર'માં કોની શિક્ષણની ફિલૉસૉફી દર્શાવવામાં આવી છે ?

(A) ગીજુભાઈ બધેકા
(B) નાનાભાઈ ભટ્ટ
(C) તારાબેન મોડક
(D) જે. કૃષ્ણમૂર્તિ

(85) "કેળવણી ઉત્પાદક શ્રમ દ્વારા, ઉત્પાદક શ્રમ માટે અને ઉત્પાદક શ્રમની જ હોઈ શકે."

(A) મહાત્મા ગાંધીજી
(B) રવિન્દ્રનાથ ટાગોર
(C) શ્રી અરવિંદ
(D) સ્વામી વિવેકાનંદ

(86) નીચેના પૈકી કયો સિદ્ધાંત જહોન ડ્યુઈ દ્વારા રજૂ કરવામાં આવેલ સિદ્ધાંતોમાં નથી આવતો ?

(A) ઉપયોગિતાનો સિદ્ધાંત
(B) પ્રવૃત્તિનો સિદ્ધાંત
(C) શ્રમનો સિદ્ધાંત
(D) રસનો સિદ્ધાંત

(87) નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ (NILP) કયા વય જૂથના નિરક્ષરો માટે શરૂ કરવામાં આવેલ છે ?

(A) 15 વર્ષ અને તેની ઉપરના તમામ
(B) 15 વર્ષથી 55 વર્ષ સુધી
(C) 6 વર્ષથી 14 વર્ષ સુધી
(D) 21 વર્ષથી 65 વર્ષ સુધી

(88) One Nation, One Digital Platform તરીકે કોણ ઓળખાય છે ?

(A) PM eVIDYA
(B) BISAG-N
(C) DIKSHA
(D) Vande Gujarat Channel

(89) ઇન્દ્રિયોની તાલીમથી કેળવણીની શરૂઆત કરવાની વાત કોણે કરી હતી ?

(A) ડૉ. એસ. રાધાકૃષ્ણન
(B) રવિન્દ્રનાથ ટાગોર
(C) મહાત્મા ગાંધીજી
(D) મહર્ષિ અરવિંદ

(90) વિશિષ્ટ બાળકો માટે ઈન્દ્રિયો દ્વારા શિક્ષણ આપવાની શરૂઆત કોણે કરી હતી ?

(A) મારિયા મોન્ટેસરી
(B) ગ્રેસ ફર્નોલ્ડ
(C) જિમ પિયાજે
(D) ઈવાન પાવલોવ

(91) અધ્યયન સાથે જોડાયેલા મનોવિજ્ઞાનીઓની તેમના સિદ્ધાંત સંદર્ભે નીચે આપેલી કઈ જોડ સાચી છે ?

(A) પ્રયત્ન અને ભૂલ-વિગોટ્સ્કી
(B) વર્તનવાદ - પાવલોવ
(C) સંરચનાવાદ - સ્કિનર
(D) કારક અભિસંધાન - થોર્નડાઈક

(92) નીચેના પૈકી કઈ લાક્ષણિકતા અધ્યયન પ્રક્રિયાની નથી ?

(A) અધ્યયન માટે અનુભવ જરૂરી છે.
(B) અધ્યયન માટે પર્યાવરણ સાથે આંતરક્રિયા જરૂરી છે.
(C) અધ્યયનનું એક પરિસ્થિતિમાંથી બીજી પરિસ્થિતિમાં સંક્રમણ થઈ શકે છે.
(D) અધ્યયન માટે સ્મૃતિ જરૂરી છે.

(93) Discovery Learning અભિગમ કોના દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો ?
(A) રોબર્ટ ગેને
(B) જેરોમી બ્રુનર
(C) બાન્દુરા
(D) આસુબેલ

(94) '14 સેમી ત્રિજ્યાવાળા વર્તુળનું ક્ષેત્રફળ કેટલું થાય ?' - આ પ્રશ્નનો જવાબ મેળવવા બાળક સૂત્રનો ઉપયોગ કરે છે. અહીં, વિદ્યાર્થીએ કયું બૌદ્ધિક કૌશલ્ય પ્રાપ્ત કરેલ ગણાય ?
(A) વિભેદીકરણ
(B) સંકલ્પના
(C) નિયમ
(D) સમસ્યા ઉકેલ

(95) નીચેનામાંથી કઈ ક્ષતિમાં બાળકની શારીરિક તેમજ બૌદ્ધિક કાર્યક્ષમતા ક્ષતિગ્રસ્ત થાય છે ?
(A) ડાઉન સીન્ડ્રોમ
(B) ADHD
(C) સેરેબલ પાલ્સી
(D) ઓટિઝમ

(96) બ્લુમ વર્ગીકરણ (Bloom's Taxonomy) અનુસાર નીચેના પૈકી કઈ ક્રિયા બાકીનાથી ઉચ્ચ સ્તરે આવશે ?
(A) મૂલ્યાંકન
(B) સર્જન
(C) પૃથક્કરણ
(D) ઉપયોજન

(97) સિદ્ધિ કસોટી માટે નીચેના પૈકી શું અયોગ્ય છે ?
(A) વિદ્યાર્થીઓને બધા જ પ્રશ્નોના જવાબ આપી શકે તેટલો સમય આપવામાં આવે છે.
(B) વર્ગ બઢતી સાથે સંકળાયેલ છે.
(C) શિક્ષણકાર્યને અંતે આપવામાં આવે છે.
(D) પ્રશ્નોની પસંદગી વિદ્યાર્થીઓની પારંગતતા ચકાસે તેવી રીતે કરવામાં આવે છે.

(98) નીચેના પૈકી કયું મધ્યવર્તી સ્થિતિનું માપ દર્શાવી શકતું નથી ?
(A) મધ્યક
(B) વિસ્તાર
(C) મધ્યસ્થ
(D) બહુલક

(99) પ્રમાણ વિચલન ($\sigma$) માટે શું સાચું નથી ?
(A) પ્રમાણ વિચલનનું મૂલ્ય જેટલું નાનું, વર્ગજૂથની સમરૂપતા વધુ.
(B) દરેક પ્રાપ્તાંકમાં કોઈ અચળ સંખ્યા ઉમેરવાથી પ્રમાણ વિચલનમાં વધારો થાય છે.
(C) દરેક પ્રાપ્તાંકને એક જ અંકથી ગુણવામાં આવે તો પ્રમાણ વિચલન તેટલાં ગણું વધે છે.
(D) પ્રમાણ વિચલનનો ઉપયોગ પ્રાપ્તાંકોની ચલિતતા જાણવા થાય છે.

(100) નીચેનામાંથી કઈ ઇ-કન્ટેન્ટની લાક્ષણિકતા નથી ?
(A) તે ફક્ત ડિજીટલ સ્વરૂપમાં હોય છે.
(B) તેને વેબપેજ કે અન્ય માધ્યમ દ્વારા રજૂ કરાય છે.
(C) તેમાં ફક્ત એનિમેશન જ હોય છે.
(D) તેને QR Code સાથે લીંક કરી શકાય છે.

(101) ભારતના પડોશી દેશોના સંદર્ભે કઈ જોડી અયોગ્ય છે ?

(A) અફઘાનિસ્તાન - ઉત્તર - પશ્ચિમ
(B) નેપાળ - ઉત્તર - પૂર્વ
(C) ચીન - ઉત્તર
(D) બાંગ્લાદેશ - પશ્ચિમ

(102) અરબી સમુદ્રમાં કેરળ તટથી થોડે દૂર આવેલા ઘોડાની નાળ આકારના પરવાળાના દ્વીપોને શું કહે છે ?

(A) કોર્ડમમ
(B) એટોલ
(C) રેગોલિથ
(D) બેરેન

(103) નીચે દર્શાવેલ ખનીજનો કયો ક્રમ સાચો નથી ?

(A) મેંગેનીઝ - કર્ણાટક, ઓરિસ્સા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગોવા
(B) બોક્સાઈટ - ઓરિસ્સા, આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, ઝારખંડ, ગુજરાત
(C) ચૂનાના ખડક - ગુજરાત, રાજસ્થાન, કર્ણાટક, હિમાચલ પ્રદેશ, છત્તીસગઢ
(D) અબરખ - સિક્કમ, મેઘાલય, પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ

(104) નીચેનામાંથી એકમાત્ર પુરુષવાચક નામ ધરાવતી નદી કઈ છે ?

(A) બ્રહ્મપુત્ર
(B) નર્મદા
(C) કૃષ્ણા
(D) પદ્માના

(105) નીચેનામાંથી કયું જોડકું ખરું છે ? તે શોધો ?

(A) રાષ્ટ્રીય નદી સંરક્ષણ યોજના (NRCP)
(B) રાષ્ટ્રીય નદી સંરક્ષણ યોજના (NCRT)
(C) રાષ્ટ્રીય નદી સંરક્ષણ યોજના (NRDP)
(D) રાષ્ટ્રીય નદી સંરક્ષણ યોજના (NRCS)

(106) કર્કવૃત્ત અને મકરવૃત્ત પર સૂર્યના કિરણો લંબ ક્યારે પડે છે ? સાચું વિધાન શોધો.

(A) 21 મે કર્કવૃત્ત પર અને 22 નવેમ્બર મકરવૃત્ત પર
(B) 21 માર્ચ કર્કવૃત્ત પર અને 22 ઓગષ્ટ મકરવૃત્ત પર
(C) 21 જૂન કર્કવૃત્ત પર અને 22 ડિસેમ્બર મકરવૃત્ત પર
(D) 21 જાન્યુઆરી કર્કવૃત્ત પર અને 22 મે મકરવૃત્ત પર

(107) બે અક્ષાંશો વચ્ચે આશરે કેટલા કિલોમીટરનું અંતર હોય છે ?

(A) 170 કિ.મી.
(B) 141 કિ.મી
(C) 78 કિ.મી.
(D) 111 કિ.મી.

(108) સુંદરી અને ચેર ક્યાની મુખ્ય વનસ્પતિ છે ?

(A) ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો
(B) ભરતીના જંગલો (મેન્ગ્રુવ)
(C) સમશીતોષ્ણ કટિબંધીય જંગલો અને ઘાસના મેદાનો (હિમાલયની વનસ્પતિ)
(D) ઉષ્ણ કટિબંધિય ખરાઉ જંગલો

(109) નીચે આપેલ અભ્યારણ્યની કઈ જોડ યોગ્ય નથી ?

(A) કાન્હા, મધ્યપ્રદેશ - વાઘ
(B) કેવલાદેવ, રાજસ્થાન - દિપડો
(C) થરનું રણ, રાજસ્થાન - રણનું વરૂ
(D) બાંદીપુર, કર્ણાટક - હાથી

(110) રાજસ્થાની લોકો કયા પ્રાણીના ચામડામાંથી બનાવેલા મોજડી અને પગરખા પહેરે છે ?

(A) ગાય
(B) ભેંસ
(C) ઘોડા
(D) ઊંટ

(111) બિહારમાં ખવાતી એક વિશિષ્ટ વાનગી કઈ છે ?

(A) લક્ષાદાળ (B) પનેલા (C) સોનદેશ (D) સત્તુ (સાથવો)

(112) ગેસ ગળતર થાય ત્યારે બચાવ કામગીરી કેવી રીતે કરશો ?

1. ગેસ ટેંકરને માનવ વસાહતથી દૂર લઈ જવું.
2. ફાયરબ્રિગેડ તથા પોલીસને જાણ કરવી.
3. ગેસ ગળતરની સૂચના આપે તેવા વોર્નિંગ સિસ્ટમ લગાવવા
4. ગેસ ગળતર અટકાવવાની કામગીરી થતી હોય ત્યાં બધાએ ભેગા થવું

(A) 1, 3 અને 4 (B) 1, 2 અને 3

(C) 1, 2,3 અને 4 (D) 2, 3 અને 4

(113) નીચે પૈકી ભારતમાં છેલ્લે આવેલું વાવાઝોડું કયું છે ?

(A) ગાંજા (B) તિલ્લી (C) વાયુ (D) તાઉતે

(114) વાતાવરણમાં રચાતા વિક્ષોભથી જાપાનમાં .............. અત્યંત વિનાશક રીતે ત્રાટકે છે ?

(A) ચક્રવાત (B) હરિકેન (C) ટાઈફન (D) ટોર્નેડો

(115) ગવર્નર જનરલ જહોન શોરે કઈ નીતિ અપનાવી હતી ?

(A) સહાયકારી નીતિ (B) ખાલસાનીતિ

(C) ઉદારકારી નીતિ (D) તટસ્થતાની નીતિ

(116) વુડ્રો વિલ્સનના કેટલા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રસંઘની રચના કરવામાં આવી હતી ?

(A) 15 (B) 14 (C) 18 (D) 24

(117) આંતર રાષ્ટ્રીય અદાલતમાં કુલ કેટલા ન્યાયમૂર્તિઓ છે ?

(A) 16 (B) 14 (C) 15 (D) 18

(118) ભારતની બંધારણ સભાએ કુલ કેટલી બેઠકોમાં કામગીરી પૂર્ણ કરી હતી ?

(A) 164 (B) 166 (C) 180 (D) 162

(119) નીચેનામાંથી કોની ચૂંટણીની કાર્યવાહી ચૂંટણીપંચ દ્વારા થાય છે ?

(A) રાષ્ટ્રપતિ (B) વડાપ્રધાન

(C) રાજ્યપાલ (D) મુખ્યમંત્રી

(120) ભારતની જમીનોનાં કુલ કેટલા પ્રકારો છે ?

(A) સાત (B) પાંચ (C) છ (D) ચાર

(121) ગુજરાતના કચ્છના રણને ક્યારે જૈવ આરક્ષિત ક્ષેત્ર તરીકે ઘોષિત કરવામાં આવ્યું ?

(A) ઈ.સ. 2010 (B) ઈ.સ. 2008 (C) ઈ.સ. 2006 (D) ઈ.સ. 2007

(122) પડખાઉં જમીનનું અન્ય નામ શું છે ?

(A) લેટેરાઈટ જમીન (B) કાંપની જમીન (C) કાળી જમીન (D) રાતી જમીન

(123) બધાં તેલીબિયામાં સૌથી વધુ તેલનું પ્રમાણ શેમાં હોય છે ?

(A) મગફળી (B) સરસવ (C) તલ (D) એરંડા

(124) કઈ ધાતુને લોખંડ પોલાદ ઉદ્યોગ માટે મહત્ત્વની માનવામાં આવે છે ?
(A) મેંગેનીઝ (B) તાંબુ (C) બોક્સાઈટ (D) જસત

(125) વૈજયંતીમાલા અને હેમામાલિની કઈ નૃત્યશૈલી સાથે સંકળાયેલા છે ?
(A) કુચીપુડી (B) ભરતનાટ્યમ્ (C) કથકલી (D) કથક

(126) ભારતીય રાષ્ટ્રીય મુદ્રામાં નીચે પૈકી કઈ જોડનો સમાવેશ થતો નથી ?
(A) સિંહ, ઘોડો, હાથી અને બળદ
(B) સિંહ, બળદ, વાઘ અને ઘોડો
(C) સિંહ, વાઘ, ગેંડો અને રીંછ
(D) સિંહ, બળદ, ગાય અને વાઘ

(127) કૂવામાંથી પાણી કાઢવા માટે વપરાતુ ચામડાનું સાધન.
(A) કોસ (B) ધમણ (C) મશક (D) પખાલ

(128) ભગવાન શંકરના પંચમુખેથી ઉત્પન્ન થયેલ સંગીતના પાંચ રાગો પૈકીનો એક રાગ કયો છે ?
(A) જ્યોતિ (B) મેધાવી (C) કેતકી (D) દિપક

(129) મોહે-જો-દડોની નગર રચનામાં શ્રીમંતોના મકાનો કેવા હતા ?
(A) ભોય તળિયામાં બેથી ત્રણ ઓરડા
(B) એક માળવાળા અને બેથી ત્રણ ઓરડા
(C) બે માળવાળા અને પાચથી સાત ઓરડા
(D) ચાર માળવાળા અને સાતથી નવ ઓરડા

(130) ભારતના કયા મંદિરમાં તેર માળનું ગોપુરમ્ આવેલું છે ?
(A) મિનાક્ષી મંદિર
(B) બૃહદેશ્વરનું મંદિર
(C) જગન્નાથ મંદિર
(D) સૂર્યમંદિર

(131) ભારતનું રાજગૃહ (હાલના રાજગિર) માં આવેલ પાંચ જૈન મંદિરની કઈ સાચી જોડ છે ?
(A) વૈભાર, વિપુલાચલ, રત્નાગિરિ, ઉદયગિરિ અને શ્રમણગિરિ
(B) વૈભાર, અરૂણાચલ, મણીરત્ન, ઉદયગિરિ અને શ્રમણગિરિ
(C) વૈભાર, મણીરત્ન, મણીભદ્ર, ઉદયગિરિ અને શ્રમણગિરિ
(D) વૈભવ, મણીરત્ન, મણીભદ્ર રત્નાગિરી, શ્રમણગિરિ

132) બૌદ્ધ સાહિત્ય ત્રિપીટકમાં નીચે પૈકી કોનો સમાવેશ થતો નથી ?
(A) વિજય પિટક (B) વિનય પિટક (C) અભિધમ્મ પિટક (D) સુત પિટક

133) વલ્લભી વિદ્યાપીઠ બૌદ્ધ ધર્મના કયા પંથ માટેનું કેન્દ્ર બન્યું હતુ ?
(A) ચંદ્રયાન (B) હિમયાન (C) અભિયાન (D) અભિજ્ઞાન

134) અબુલ ફઝલના કયા પુસ્તકમાં ભારતીય રીત-રિવાજો, શિષ્ટાચાર ધર્મ દર્શન અને આર્થિક સ્થિતિનું વર્ણન કરવામાં આવ્યું છે ?
(A) અકબરનામા (B) આયને-અકબરી (C) હુમાયુનામા (D) તુઝુકે જહાંગીરી

35) શ્રીરામનું ધનુધારી શિલ્પ કયા સંગ્રહાલયમાં સચવાયેલું છે ?
(A) વડોદરા (B) દિલ્હી (C) ચેન્નાઈ (D) મુંબઈ

(136) નીચે પૈકી કયું જોડકું સાચું નથી ?

(A) મહર્ષિ ચરક - ચરક સંહિતા

(B) મહર્ષિ સુશ્રુત - સુશ્રુત સંહિતા

(C) શાલિહોત્ર - અશ્વશાસ્ત્ર

(D) વાગભટ્ટ - હસ્તી શાસ્ત્ર

(137) નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?

(A) આચાર્ય નાગાર્જુને રસ રત્નાકર નામનો ગ્રંથ લખ્યો હતો.

(B) વરાહ મિહિરે 'બ્રહ્મ સંહિતા'માં વર્ગમૂળ, ઘનમૂળ અને સરવાળાનો ઉલ્લેખ કર્યો છે.

(C) ગુત્સમદ નામના ઋષિએ અંક પાછળ શૂન્ય લગાવવાની શોધ કરી.

(D) બ્રહ્મગુપ્તે 'બ્રહ્મ સિદ્ધાંત' ગ્રંથમાં ગુરૂત્વાકર્ષણના નિયમનો ઉલ્લેખ કર્યો.

(138) ભારતના ઐતિહાસિક સ્થળોને દક્ષિણથી ઉત્તરના ક્રમમાં ગોઠવવા કયો ક્રમ સાચો છે ?

(A) બૃહદેશ્વર, હમ્પી, ખજુરાહો, કુતુબમિનાર

(B) કુતુબમિનાર, બૃહદેશ્વર, ખજુરાહો, હમ્પી

(C) હમ્પી, કુતુબમિનાર, બૃહદેશ્વર, ખજુરાહો

(D) ખજુરાહો, હમ્પી, બૃહદેશ્વર, કુતુબમિનાર

(139) દક્ષિણ ભારતના દ્રવિડ શૈલીના મંદિરો માટે કયું વિધાન સાચું નથી ?

(A) ભવ્ય ગોળ ઘુમ્મટ (B) પિરામીડ પ્રકારનું ભવન (C) એકથી વધુ માળ (D) ટોચ પર આકર્ષક પ

(140) વેદકાળથી પ્રચલિત સંદેશ 'અમને ચારે દિશાઓમાંથી સારા અને શુભ વિચારો પ્રાપ્ત થાઓ' એવું કયા ગ્રંથમાં આપ

(A) સામવેદ (B) ઋગ્વેદ (C) યર્જુવેદ (D) અર્થવેદ

(141) લેટીન ભાષાનો શબ્દ 'Later' કયા પ્રકારની જમીન સાથે જોડાયેલો છે ?

(A) પર્વતીય જમીન (B) કાળી જમીન (C) પડખાઉ જમીન (D) લાલ જમીન

(142) ભારતમાંથી નીચે પૈકી કઈ પ્રાણીઓની જોડ લુપ્ત થઈ રહી છે ?

(A) વાઘ, ચિત્તો, મગર, સમુદ્રી કાચબો (B) જળબિલાડી, ઘુડખર, સિંહ, નીલગાય

(C) નીલગાય, હરણ, ગેંડો, સાબર (D) ચિત્તો, મગર, હરણ, ગેંડા

(143) મકાઈમાંથી નીચે પૈકી કયા પોષક તત્વો પ્રાપ્ત થાય છે ?

(A) સ્ટાર્ચ, કેલ્શિયમ, આર્યન કાર્બોહાઈડ્રેટ્સ (B) સ્ટાર્ચ, પ્રોટીન, સિલિકોન, આયોડીન

(C) ફોસ્ફરસ, ગંધક, સોડિયમ, મેંગેનીઝ (D) સ્ટાર્ચ, તેલ, પ્રોટીન, બાયોફ્યુઅલ

(144) ટાયર ટ્યુબમાં વપરાતુ રબર બનાવવાની પ્રક્રિયા કઈ છે ?

(A) રબરના વૃક્ષના દૂધમાં હાયડ્રોફ્લોરિક એસિડ ભેળવીને બનાવવામાં આવે છે.

(B) રબરના વૃક્ષના દૂધમાં એસેટિક એસિડ ભેળવી ધીમા તાપે ગરમ કરવું.

(C) રબરના વૃક્ષના દૂધમાં ઓર્હનિયમ એસિડ ભેળવવામાં આવે છે.

(D) રબરના વૃક્ષના દૂધમાં ક્લોરિન ભેળવીને ધીમા તાપે ગરમ કરવામાં આવે છે.

(145) બહુહેતુક યોજનાને તેની નદી સાથે યોગ્ય ક્રમમાં જોડી પસંદ કરો ?

| | |
|---|---|
| 1. હીરાકુંડ | (i) મહીસાગર |
| 2. કૃષ્ણરાજ | (ii) મહાનદી |
| 3. વણાકબોરી | (iii) તાપી |
| 4. કાકરાપાર | (iv) કાવેરી |

(A) (1 - iii), (2 - i), (3 - iv), (4 - ii)
(B) (1 - ii), (2 - iv), (3 - i), (4 - iii)
(C) (1 - i), (2 - iii), (3 - ii), (4 - iv)
(D) (1 - iv), (2 - ii), (3 - iii), (4 - i)

(146) જળસ્રોતના પ્રકારનું સાચું વિધાન કયું છે ?

1. વૃષ્ટિય જળ - પૃથ્વી પર જળ સંસાધનનું મૂળ સ્રોત
2. પૃષ્ઠિય જળ - પૃષ્ઠિય જળનું મૂળ સ્રોત નદી છે.
3. ભૂમિગત જળ - પૃષ્ઠિય જળનું અવશોષણ થયેલું જળ
4. બાષ્પીય જળ - પૃથ્વી પર જળ સંસાધનનું મૂળ બાષ્પીય છે.

(A) 1, 2 અને 3
(B) 2, 3 અને 4
(C) 3, 4 અને 1
(D) 1, 4 અને 2

(147) નીચે આપેલા વિધાનોમાં કયું વિધાન સાચું છે ?

(A) તાબું : સોડાએશ - સાબુ, રંગરસાયણ, બાંધકામમાં વપરાય
(B) ચૂનાનો પથ્થર : જંતુનાશક દવા, રંગીનકાચ, સિક્કા અને છાપકામમાં વપરાય
(C) મેગેનીઝ - બ્લીચિંગ પાવડર, કીટનાશક દવા, સૂકીબેટરી અને ટાઇલ્સમાં વપરાય
(D) બોક્સાઈડ : રંગ, શસ્ત્રો, કાચ, રબર તથા સ્ટોરેજ બેટરીમાં વપરાય

(148) ભૂ-તાપીય ઉર્જાના નીચે આપેલ સ્થળો ગાંધીનગરથી કયું નજીક થશે ?

(A) ઉનાઈ
(B) તુલસીશ્યામ
(C) લસુન્દ્રા
(D) ટુવા

(149) આકાશવાણી અને હવામાન વિભાગના ઉપકરણો બનાવવા માટે નીચે પૈકીની કઈ સંસ્થા સ્થાપવામાં આવી છે ?

(A) ભારત ઈલેક્ટ્રીક લિમિટેડ (BEL)
(B) ભારત ઈલેક્ટ્રોનિક્સ ઓર્ગેનાઇઝેશન (BEO)
(C) ભારત ઈલેક્ટ્રોનિક્સ સંસ્થા (BEI)
(D) ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ (BEL)

(150) ભારતમાં સૌપ્રથમ સુતરાઉ કાપડની મીલ ક્યા સ્થપાઈ હતી ?

(A) મુંબઈ - પૂના
(B) મુંબઈ - અમદાવાદ
(C) દિલ્હી - અમદાવાદ
(D) મુંબઈ - કલકતા

51) દુનિયાની સર્વોત્તમ શિલ્પકૃતિનો ઉત્તમ નમૂનો કયો છે ?

(A) કીર્તિતોરણ
(B) સારનાથનો સ્તંભ
(C) સીદી સૈયદની જાળી
(D) દેવની મોરીનો સ્તૂપ

52) મહામુનિ પારાશરે કયો ગ્રંથ રચ્યો છે ?

(A) કામસૂત્ર
(B) વૃક્ષ આયુર્વેદ
(C) યોગશાસ્ત્ર
(D) યંત્ર સર્વસ્વ

(153) વિશ્વ વ્યાપાર સંગઠનનું વડું મથક ક્યા આવેલું છે ?

(A) રોમ (B) ન્યૂયોર્ક (C) જિનીવા (D) લેપલેન્ડ

(154) અન્ન સુરક્ષા ધારા હેઠળ કઈ યોજના ગુજરાતમાં અમલમાં આવી ?

(A) મા અન્નપૂર્ણા યોજના
(B) અંત્યોદય યોજના
(C) મનરેગા
(D) સુકન્યા સમૃદ્ધિ યોજના

(155) ગ્રાહક શિક્ષણ જાગૃતિ માટે કયું સામયિક બહાર પડે છે ?

(A) ઈનસાઈટ
(B) ગ્રાહકજાગૃતિ
(C) ગ્રાહક શિક્ષણ
(D) ગ્રાહક જાગો

(156) માઈક્રોટિચિંગના પાંચ તબક્કાઓને યોગ્ય ક્રમમાં ગોઠવો.

1. શિક્ષણ
2. પ્રતિપોષણ
3. પુનઃ આયોજન
4. પુનઃ શિક્ષણ
5. પુનઃ પ્રતિપોષણ

(A) 3, 4, 5, 2 અને 1
(B) 2, 3, 4, 5 અને 1
(C) 1,2, 3, 4 અને 5
(D) 5,3, 1, 2 અને 4

(157) નીચેનામાંથી કયું કાપાકાર્ય કૌશલ્યનું ઘટક યોગ્ય નથી ?

(A) સાતત્યતા
(B) હસ્તાક્ષરની સુવાચ્યતા
(C) સ્વચ્છતા
(D) પ્રકિર્ણ બાબતો

(158) શિક્ષક વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત કરવા માટે શાબ્દિક અશાબ્દિક અને શાબ્દિક - અશાબ્દિક એમ સંયુક્ત વર્તન કરે છે, એ કેવા પ્રકારનું વર્તન કહી શકાય ?

(A) વિરામ
(B) વાણી આરોહ - અવરોહ
(C) ધ્યાન કેન્દ્રિત (કેન્દ્રીકરણ)
(D) હાવભાવ

(159) સમયભાનના નીચે આપેલા ઘટકો પૈકી કયું ઘટક સાચું નથી ?

(A) અક્ષાંશ - રેખાંશ
(B) સમયનું અંતર
(C) સમયનું સ્થાનીકરણ
(D) સમયનું પ્રમાણ માપ

(160) શાળા કક્ષાએ પૃથ્વીના ગોળાની પસંદગી કરતી વખતે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખશો ?

1. 40 સે.મી.ના વ્યાસવાળા ગોળાની પસંદગી
2. પ્લાસ્ટિક કે રબરના લેમિનેટ પૃથ્વીના ગોળા
3. નકશામાં વપરાતા માન્ય રંગોવાળો પૃથ્વીનો ગોળો
4. પ્રત્યેક બાબત ચોકસાઈથી નિર્દેશિત

(A) 1, 2, 4
(B) 1,2, 3 અને 4
(C) 1, 4 અને 3
(D) 2,3 અને 1

(161) નીચે આપેલા નકશાના અંગો પૈકી કયું અંગ સાચું નથી ?

(A) પક્ષેપ (B) રંગ (C) ચિહ્નો (D) ભૂશિર

(162) સિક્કાઓની ઉપયોગિતાથી કઈ બાબત પ્રાપ્ત કરી શકાતી નથી ?
(A) સિક્કામાં વપરાયેલ ધાતુ પરથી રાજ્યની આર્થિક સ્થિતિ
(B) સિક્કા દ્વારા આબોહવા, તાપમાન કે ખનીજની સમજ
(C) ઈતિહાસની માહિતી કે ઘટનાઓનું અર્થઘટન
(D) સિક્કાની આકૃતિ, વેશભૂષા કે કલાપરથી સાંસ્કૃતિક પરિસ્થિતિનું અનુમાન

(163) ધોરણ-10 ના એકમ પરિવહન સંદેશા વ્યવહાર અને વ્યાપાર એકમ શીખવવા કયા કયા સાધનોનો ઉપયોગ કરશો?
1. નકશા
2. ચાર્ટ
3. મોડેલ
4. એટલાસ
(A) 2, 3, અને 4
(B) 1, 2, 3 અને 4
(C) 3, 4 અને 1
(D) 4, 1 અને 2

(164) પ્રશ્નપત્રની બ્લ્યુપ્રિન્ટ બનાવવા માટે કઈ કઈ બાબતો જરૂરી છે ?
1. મુદ્દા પ્રમાણે ભારાંક
2. વિષય પ્રમાણે ભારાંક
3. હેતુઓ પ્રમાણે ભારાંક
4. પ્રશ્ન પ્રકાર પ્રમાણે ભારાંક
(A) 1, 2 અને 3
(B) 1, 2 અને 4
(C) 1, 3 અને 4
(D) 2, 3 અને 4

(165) સામાજિક વિજ્ઞાનની સામાન્ય પદ્ધતિઓ કયા ત્રણ વિભાગમાં વહેચાયેલી છે ?
1. શિક્ષક કેન્દ્રી
2. વિદ્યાર્થી કેન્દ્રી
3. વિશિષ્ટ પદ્ધતિ
4. શિક્ષક - વિદ્યાર્થી સહભાગી
(A) 1, 2 અને 3
(B) 2, 3 અને 4
(C) 1, 3 અને 4
(D) 1, 2 અને 4

(166) સ્મૃતિ પ્રશ્નોના પ્રકારમાં કોનો સમાવેશ થતો નથી ?
(A) સંબંધ ઘટાયક પ્રશ્નો
(B) પૂર્તિ કરણ પ્રશ્ન
(C) જવાબ આપો
(D) વર્ગીકરણ પ્રશ્નો

(167) નીચે આપેલા વિકલ્પોમાંથી કયું વિકલ્પ હર્બટની પંચ પદ્ધતિમાં આવતું નથી ?
(A) પૂર્વ તૈયારી
(B) રજૂઆત
(C) સંબંધ
(D) મૂલ્યાંકન

(168) એટલાસનો ઉપયોગ કેટલી બાબતે કરી શકીએ છીએ ?
(1) પ્રવાસનું આયોજન કરવા
(2) સ્થળ વચ્ચેનું અંતર અને દિશા જાણવા
(3) આબોહવા, તાપમાન, વરસાદ અને ખનિજની જાણકારી મેળવવવા
(4) કાર્યકારણ સંબંધની સમજૂતિ મેળવવા
(A) કોઈ પણ બે
(B) કોઈ પણ ત્રણ
(C) કોઈ પણ એક
(D) તમામ

(169) ટપાલ ટિકિટ એ ઐતિહાસિક સંદર્ભમાં કઈ રીતે ઉપયોગી નથી ?

(A) વ્યક્તિગત પ્રશંસા
(B) રાષ્ટ્રની વિશિષ્ટ સિદ્ધિ
(C) જન્મ શતાબ્દી પ્રસંગ
(D) મહાન વ્યક્તિની જન્મ જયંતિ

(170) નાટ્યીકરણ પદ્ધતિથી વિદ્યાર્થીઓને કયા કયા ફાયદા થાય છે ?

1. બાળકની સ્મરણ શક્તિ વધે
2. સાંવેગિક ઘડતર થાય
3. વર્ગખંડ બહારનું શિક્ષણ
4. બાળકોનો સમય વધુ બગડે છે.

(A) 2, 3 અને 4
(B) 3, 4 અને 1
(C) 1, 2, 3 અને 4
(D) 1, 2 અને 3

(171) નીચે દર્શાવેલ પૈકી સામાજિક વિજ્ઞાન શીખવવા માટેની વિશિષ્ટ પદ્ધતિ કઈ છે ?

(A) કથન પદ્ધતિ
(B) જીવનવૃતાંત પદ્ધતિ
(C) ચર્ચા પદ્ધતિ
(D) પ્રશ્ન પદ્ધતિ

(172) સામાજિક વિજ્ઞાન મંડળમાં સૌથી વધારે મહત્ત્વ કોનું હોય છે ?

(A) શિક્ષકનું
(B) આચાર્યનું
(C) વિદ્યાર્થીઓનું
(D) સમાજનું

(173) જોડકાંવાળા પ્રશ્ન કયો હેતુ સ્પષ્ટ કરે છે ?

(A) જ્ઞાન
(B) ઉપયોગ
(C) સમજ
(D) કૌશલ્ય

(174) 'રાણીની વાવ' વિશે વિદ્યાર્થીઓને સમજાવવાની સૌથી અસરકારક પદ્ધતિ કઈ હોઈ શકે ?

(A) ચર્ચા પદ્ધતિ
(B) પ્રૉજેક્ટ પદ્ધતિ
(C) પ્રવાસ પદ્ધતિ
(D) સ્વાધ્યાય પદ્ધતિ

(175) એક જ તાસમાં કરવાના શિક્ષણકાર્યથી યોજના એટલે શું ?

(A) છૂટો પાઠ
(B) સેતુ પાઠ
(C) માઈક્રો પાઠ
(D) એકમ પાઠ

(176) ભારતનો સૌથી લાંબો ધોરીમાર્ગ શ્રીનગરથી કન્યાકુમારી કયા નંબરનો છે ?

(A) 48
(B) 141
(C) 27
(D) 44

(177) બજાર પદ્ધતિના લક્ષણો નીચે પૈકીના કયા કયા છે?

1. ગ્રાહકોને પસંદગી કરવાની વિશાળ તક
2. ઉત્પાદનના સાધનોની માલિકી સામૂહિક છે.
3. ઉત્પાદનના સાધનોની ફાળવણી નફા આધારિત છે.
4. આર્થિક નિર્ણયો ભાવતંત્રને આધારે લેવાય છે.

(A) 1, 2 અને 3
(B) 2, 3 અને 4
(C) 1, 3 અને 4
(D) 1, 2, 3 અને 4

(178) વિશ્વ વ્યાપાર સંગઠનના ધ્યેયોમાં નીચે પૈકી કોનો સમાવેશ થતો નથી ?

(A) વિશ્વના દેશો વચ્ચે વ્યાપારના અવરોધો દૂર કરવા.
(B) વિશ્વમાં ઉદ્ભવતા વ્યાપારી ઝઘડાઓનું નિવારણ કરવું.
(C) વૈશ્વિક વ્યાપારનીતિ અને આર્થિક નીતિઓ સાથે સંકલન સાધવું.
(D) વિદેશ વ્યાપાર માટે દેશના ઉદ્યોગોને સંરક્ષણ આપવુ નહીં.

(179) પ્રચ્છન્ન કે છૂપી રોજગારી કોને કહી શકાય ?

(A) જો વ્યક્તિને ટૂંકા કે લાંબા સમય માટે કામ વિનાનું રહેવું પડતું હોય તેવા શ્રમિક

(B) ઓછામાં ઓછું માધ્યમિક શિક્ષણ મેળવ્યા પછી પણ વ્યક્તિ બેરોજગાર હોય તેવા

(C) શ્રમિકોને ઉત્પાદન કાર્યમાંથી ખસેડવાથી ઉત્પાદનમાં કોઈ ફેર પડતો ન હોય તેવા વધારાના શ્રમિક

(D) જૂની ટેક્નોલૉજીના સ્થાને નવી ટેક્નોલૉજી આવવાથી અમુક સમય કામ વિનાના રહેતા શ્રમિક

(180) રોજગાર વિનિમય કચેરી કયા મેગેઝીન અને સામાયિક પ્રસિદ્ધ કરે છે ?

(A) કારકિર્દી, વિનિમય
(B) નવનીત સમર્પણ, પરબ
(C) રોજગાર, કારકિર્દી
(D) જનકલ્યાણ, કુમાર

(181) ફળો અને શાકભાજીના ઉત્પાદક વસ્તુ પર લગાવવામાં આવતા FPO નું પૂરું નામ જણાવો.

(A) FOOD PROCESS ORDER
(B) FOOD PRODUCT ORDER
(C) FOOD PRODUCT OFFER
(D) FOOD PROCESS OFFER

(182) બંધારણની કલમ - 342 મુજબ અનુસૂચિમાં સમાવિષ્ટ જ્ઞાતિને કયા નામથી ઓળખવામાં આવે છે ?

(A) અનુસૂચિત જાતિ
(B) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત
(C) અનુસૂચિત જન જાતિ
(D) બિન આર્થિક રીતે પછાત

(183) બંધારણની કલમ - 17 ની જોગવાઈથી શું નાબુદ કરવાની જોગવાઈ કરવામાં આવે છે ?

(A) ગરીબી નાબુદી (B) અસ્પૃશ્યતા નાબુદી (C) ઘુષણખોરી નાબુદી (D) આંતકવાદ નાબુદી

(184) ઈ.સ. 1773 માં અંગ્રેજ સરકારે કયો ધારો પસાર કર્યો હતો ?

(A) સહાયક ધારો (B) કરારનો ધારો (C) નિયામક ધારો (D) આમાંથી એક પણ નહીં

(185) જર્મનીએ તેની કઈ નદી આંતર રાષ્ટ્રીય જળમાર્ગ માટે ખુલ્લી મુકી હતી ?

(A) રહાઈન (B) એલ્બે (C) નાઈલ (D) ધનુબે

(186) મુસોલિનોનો મુદ્રા લેખ શો હતો ?

(A) બે પક્ષ અને બે નેતા
(B) એક પક્ષ અને દસ નેતા
(C) એક પક્ષ અને એક નેતા
(D) અનેક પક્ષ અને અનેક નેતા

(187) દ્વિતીય વિશ્વયુદ્ધમાં અમેરિકા મિત્ર રાષ્ટ્રોના પક્ષમાં જોડાયું તે માટે કયો બનાવ જવાબદાર હતો ?

(A) 1 સપ્ટે. 1939 ના રોજ હિટલરનું પોલેન્ડ પર આક્રમણ

(B) બ્રિટન અને ફ્રાન્સે પોલેન્ડના રક્ષણ માટે જર્મની વિરૂદ્ધ યુદ્ધ જાહેર કર્યું

(C) 3 મે, 1945 ના રોજ રશિયન દળોનો ચીનમાં પ્રવેશ

(D) અમેરિકાના હવાઈ ટાપુઓના લશ્કરી મથક પર્લહાબેર પર જાપાનનું આક્રમણ

(188) ડોમિનિયન સ્ટેટસ એટલે શું ?

(A) સાંપ્રદાયિકતા (B) પૂર્ણ સ્વરાજ્ય (C) સંસ્થાનિક સ્વરાજ્ય (D) સરમુખત્યારશાહી

(189) 'હું બ્રિટિશ સામાન્યરૂપી ઈમારતના પાયામાં લૂણો લગાડુ છું.' આ વિધાન ગાંધીજીએ કયા સ્થળે ઉચ્ચાર્યું હતું ?

(A) હરિજન આશ્રમ, સાબરમતી
(B) દરિયા કિનારે, દાંડી
(C) કોચરબ આશ્રમ, પાલડી
(D) પવનાર આશ્રમ, વધા

(190) ઈ.સ. 1945 થી 1962 ના સમયગાળાને કયા તબક્કા તરીકે ઓળખવામાં આવે છે ?

(A) ઠંડા યુદ્ધ (B) દ્વિતીય વિશ્વયુદ્ધ

(C) પ્રથમ વિશ્વયુદ્ધ (D) આમાંથી એક પણ નહીં.

(191) પશ્ચિમ જર્મનીના પ્રદેશોનું એકત્રીકરણ કરી ........... તરીકે નિર્માણ કર્યું.

(A) ઈસ્ટ ઈન્ડિયા કંપની (B) કેપ ઓફ ગુડ હોપ

(C) ફેડરલ રિપબ્લિક ઓફ ઇસ્ટ જર્મની (D) યુનાઇટેડ સ્ટેટ્સ

(192) કાશ્મીરના કયા મહારાજાએ ભારત સાથેના જોડાણખત પર સહી કરી ન હતી ?

(A) મહારાજા ગુલાબસિંહ (B) મહારાજા પ્રતાપસિંહ

(C) મહારાજા રણબીરસિંહ (D) મહારાજા હરિસિંહ ડોંગરા

(193) કયા સાત રાજ્યોને સાત બહેનો (સેવન સિસ્ટર્સ) તરીકે ઓળખીએ છીએ ?

(A) આસામ, મ્યાનમાર, અરૂણાચલ પ્રદેશ, સિક્કિમ, પશ્ચિમ બંગાળ, બિહાર, ગોવા

(B) મેઘાલય, છત્તીસગઢ, ઝારખંડ, હરિયાણા, નાગાલેન્ડ, ઓરિસ્સા

(C) આસામ, મેઘાલય, મણિપુર, ત્રિપુરા, અરૂણાચલ, મિઝોરમ, નાગાલેન્ડ

(D) ત્રિપુરા, હરિયાણા, સિક્કીમ, મણીપુર, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, ગુજરાત

(194) ઈ.સ. 1976 ના 42માં બંધારણીય સુધારાથી આમુખમાં કયો શબ્દ ઉમેરવામાં આવ્યો છે ?

(A) સમજવાદી (B) બિનસાંપ્રદાયિક

(C) રાષ્ટ્રીય એકતા (D) આમાંથી એક પણ નહીં

(195) રાજ્યસભા એ કાયમી ગૃહ છે તો તેના $1/3$ સભ્યો દર કેટલા વર્ષે નિવૃત્ત થાય છે ?

(A) 5 વર્ષ (B) 4 વર્ષ (C) 2 વર્ષ (D) 3 વર્ષ

(196) માત્ર 6 થી 14 વર્ષના ઉંમરના બાળકોને કયો મૂળભૂત હક પ્રાપ્ત થયો છે ?

(A) સમાનતાનો હક

(B) મફત, ફરજિયાત અને સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરવાનો હક

(C) સાંસ્કૃતિક અને શૈક્ષણિક હક

(D) ધાર્મિક સ્વાતંત્ર્યનો હક

(197) 'મૂળભૂત ફરજ દિન' તરીકે કયા દિવસને ઉજવવામાં આવે છે ?

(A) 18, ફેબ્રુઆરી (B) 10, ડિસેમ્બર (C) 6, જાન્યુઆરી (D) 12, માર્ચ

(198) લાંચરૂશ્વત વિરોધી બ્યુરો (એન્ટિ કરપ્શન બ્યુરો) નામે સ્વતંત્ર વિભાગ સરકારે શરૂ કર્યો છે તો તેનો ટોલ ફ્રી નંબર કયો છે?

(A) 1800 2334 4444 (B) 1800 233 7965 (C) 1800 233 4749 (D) 1800 233 0222

(199) વડી અદાલતના અધિકાર ક્ષેત્રોમાં કયું અધિકાર ક્ષેત્ર નથી ?

(A) વિવાદ અધિકાર ક્ષેત્ર (B) મૂળભૂત અધિકાર ક્ષેત્ર

(C) વહીવટી અધિકાર ક્ષેત્ર (D) અંતિમ અધિકાર ક્ષેત્ર

(200) નીચે દર્શાવેલ રાજ્યોને પૂર્વથી પશ્ચિમ દિશા તરફનો સાચો ક્રમ જણાવો.

(A) મધ્યપ્રદેશ, ઝારખંડ, મણિપુર, ગુજરાત (B) ઝારખંડ, મણિપુર, ગુજરાત, મધ્યપ્રદેશ

(C) મણિપુર, ઝારખંડ, મધ્યપ્રદેશ, ગુજરાત (D) ગુજરાત, મધ્યપ્રદેશ, મણિપુર, ઝારખંડ

◆◆◆